Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Education - ISSN : 2320-0014

Continuous Issue-19 | July – September 2018

# બી.એડ.ના પ્રાયોગિક પાઠોમાં ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા(RLPI)ના ઉપયોગ સંદર્ભે પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ

શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમમાં પ્રાયોગિક પાઠો મુખ્ય ઘટક છે. પ્રાયોગિક પાઠની સફળતાનો આધાર **પ્રશિક્ષણાર્થી** દ્વારા થતાં પાઠ આયોજન પર રહે છે. પ્રાયોગિક પાઠોનું આયોજન અને માર્ગદર્શક દ્વારા વારંવાર લખાવવામાં આવતી કાચીનોંધ એ મર્યાદારૂપે જોવાય છે. આ મર્યાદા નિવારવા કંઇક એવી પ્રવૃત્તિના આધારે પાઠ આયોજનને માવજત મળે તે આવશ્યક છે. આ દિશામાં કંઇક નવીન બાબતના અમલ કરવો એવા વિચારથી પ્રેરાઈને ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાનો પાઠ આયોજન પ્રક્રિયામાં વિનિયોગના મુખ્ય આશય સાથે અભ્યાસ હાથ ધરાયો હતો. જે અંતર્ગત ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાની પાઠ આયોજન પર કેવી અસર જોવા મળે છે? પાઠ આયોજન કાર્યને અર્થપૂર્ણ બનાવવા સંશોધનિકાને કાયમી અપનાવી શકાય કે કેમ? જેવા પ્રશ્નોના ઉત્તર પ્રાપ્ત કરવામાં આવ્યા હતાં. અભ્યાસ બી.એડ.ના અર્થશાસ્ત્ર પદ્ધતિના તાલીમાર્થીઓ પૂરતું સીમિત હતું. જેમાં નમૂના તરીકે ૨૨ પ્રશિક્ષણાર્થી હતા. ઉપકરણ તરીકે ડૉ.ચંદ્રકાન્ત ભોગાયતા દ્વારા રૂપાંતરિત '**ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા(RLPI)**'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અને ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા દ્વારા પાઠ આયોજનની ગુણવત્તા પરની અસરો વિષયક અભિપ્રાયો પ્રાપ્ત કરવા '**સ્વરચિત અભિપ્રાયાવલિ**' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પંચ બિંદુ પર અભિપ્રાયો પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. અભિપ્રાયાવલિમાં કુલ સોળ(૧૬) વિધાનો હતા. પ્રથમ તબક્કામાં પાઠ આયોજન નોંધ તૈયાર કરાવી ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાની મદદથી પુન: ચિંતન પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યું હતું. જેમાં 'હા' અને 'ના' માં ઉત્તરો મેળવ્યા હતાં. બીજા તબક્કામાં ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા(RLPI)ની પાઠ આયોજન પ્રક્રિયામાં ઉપયોગિતા સંદર્ભે અભિપ્રાયો પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરવા માટે વર્ણનાત્મક આંકડાશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં સંશોધનિકા દ્વારા પ્રાપ્ત માહિતીની ટકાવારી અને સંશોધનિકા વિશેના અભિપ્રાયોના કાઈ-વર્ગ શોધવામાં આવ્યા હતા. અભ્યાસના મુખ્ય તારણોમાં પાઠ આયોજન સંશોધનિકા વડે પાઠ આયોજનની ગુણવત્તા વધારવા ચિંતન પ્રક્રિયાની જરૂરી દિશા પ્રાપ્ત થઇ હતી. સંશોધનિકા પાઠ સંબંધી વિચાર પ્રક્રિયાને વેગ આપે છે. પાઠ આયોજન પ્રક્રિયા અધ્યેતા કેન્દ્રી બનાવે છે. પ્રશિક્ષણાર્થી સ્વ-પ્રયત્ને ક્ષતિ શોધી શકે છે. પાઠ આયોજનમાં અધ્યાપક પરનું અવલંબન ઘટાડે છે. હકારાત્મક ઉત્તર સ્વપ્રેરણ પૂરું પાડે છે. તેમજ નબળાં પ્રશિક્ષણાર્થીઓ આ સંશોધનિકાની મદદથી સ્વ સુધારણા તરફ વળે છે. **અભિપ્રાયોના આધારે** પ્રાપ્ત તારણોમાં ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા(RLPI)ના પ્રયોગથી નવીન વિચારો અમલમાં લાવી શકાય છે. સંશોધનિકામાં નિર્દિષ્ટ સોપાનો સમજવા કઠિન છે. કેટલીકવાર સંશોધનિકાના વિનિયોગનું કાર્ય યંત્રવત પ્રવૃત્તિ બની જાય છે. કેટલીક બાબતોમાં સંશોધનિકાના ઉપયોગ બાદ પણ પાઠની ગુણવત્તા સુધારવા પ્રાધ્યાપકની મદદ લેવી પડતી હતી. જો ઉપયોગ કાળજીપૂર્વક ન કરવામાં આવે તો સમગ્ર પ્રક્રિયા માત્ર ઔપચારિક પ્રવૃત્તિ બની જાય છે.

**ચાવીરૂપ શબ્દો: ચિંતનાત્મક, પાઠ આયોજન, સંશોધનિકા.**

**પ્રસ્તાવના:**

માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમમાં પ્રાયોગિક પાઠો મુખ્ય ઘટક છે. સમગ્ર કાર્યક્રમની ગુણવત્તા પ્રશિક્ષાર્થી પ્રાયોગિક કાર્ય કેટલું ક્ષમતાપૂર્ણ કરી શકે છે, તેના પર અવલંબે છે. પ્રાયોગિક પાઠ સફળ બને તેનો આધાર પ્રશિક્ષાર્થીએ કરેલા પાઠ આયોજન પર રહે છે. પાઠ આયોજન કાર્ય ત્યારે જ સફળ બને જયારે અધ્યાપક અને પ્રશિક્ષણાર્થી બને પક્ષે ગંભીરતા હોય. પ્રશિક્ષણાર્થીએ પાઠ આયોજન તૈયાર કરી અધ્યાપક પાસે પાઠ આયોજનને પાસ કરાવવું પડે છે. ક્યારેક નોંધ ફરીથી લખવાશે તેવો ડર, સૈધાંતિક સમજનો અભાવ, સૂચના પછી પણ પરિવર્તન ન કરે, આળસ, અધ્યાપકનો ડર વગેરે બાબતો પાઠ આયોજનની કચાશ માટેના જવાબદાર કારણો હોઈ શકે છે. અધ્યાપક પક્ષે કામનું ભારણ, ઓછા સમયમાં ઝડપથી અને વધુ પાઠ આયોજન તપાસવા, ક્યાંક કોઈ મુદ્દાઓ શરતચૂકથી છુટી જવા અને નવીનતાનો અભાવ જેવા મુદ્દાઓ ઉપસ્થિત થાય. આમ છતાં, અધ્યાપક દ્વારા પાઠના આયોજન અંગે માર્ગદર્શન બાદ વારંવાર લખાવવામાં આવતી કાચીનોંધ એ મર્યાદારૂપે જોવાય છે. આયોજનની વારંવારિતા યંત્રવત બને અને પાઠ યોજનાની ફલશ્રુતિ કઈ ન હોય તો શિક્ષક પ્રશિક્ષણમાં થતો મોટો દૂર્વ્યય જ ગણાય. આ પ્રકારની મર્યાદાઓ નિવારવા કંઇક એવી પ્રવૃત્તિના આધારે પાઠ આયોજનને માવજત મળે અને તેનું સકારાત્મક પરિણામ અસરકારક પાઠ આયોજનમાં જોવા મળે તે આવશ્યક છે. આ વિચારથી પ્રેરાઈને ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાની પાઠ આયોજન પર કેવી અસર જોવા મળે છે? પાઠ આયોજન કાર્યને અર્થપૂર્ણ બનાવવા સંશોધનિકાને કાયમી આધાર તરીકે અપનાવી શકાય કે કેમ? જેવા પ્રશ્નોના ઉત્તર પ્રાપ્ત કરવા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**હેતુઓ:**

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુસર હાથ ધરાયો હતો:

1. પ્રાયોગિક પાઠોના આયોજનમાં ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાનો અમલ કરવો.
2. પ્રાયોગિક પાઠોના આયોજનમાં ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાની અસર જાણવી.
3. પ્રાયોગિક પાઠોના આયોજન સંદર્ભે સંશોધનિકાને અપનાવવા સંબંધી અભિપ્રાયો પ્રાપ્ત કરવા.

**પ્રશ્નો:**

અભ્યાસ દરમ્યાન નીચેના પ્રશ્નોના ઉત્તર પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

1. પ્રાયોગિક પાઠોના આયોજનમાં ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાનો અમલ શક્ય છે?
2. પ્રાયોગિક પાઠોના આયોજનમાં ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાની અસરકારકતા કેવી છે?
3. પ્રાયોગિક પાઠોના આયોજન સંદર્ભે સંશોધનિકાને કાયમી ધોરણે અપનાવી શકાય?

**સીમાંકન:**

- પ્રસ્તુત અભ્યાસ માધ્યમિક શિક્ષણ પ્રશિક્ષણ કાર્યમાં કાર્યરત શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, પાંડેસરા પૂરતો મર્યાદિત હતો.
- અભ્યાસ અંતર્ગત અર્થશાસ્ત્ર વિષય પદ્ધતિના પાઠ આયોજનમાં ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા (RLPI)ના ઉપયોગ સબંધી અભિપ્રાયોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

- અભ્યાસ અંતર્ગત શૈક્ષણિક વર્ષ:૨૦૦૬-'૦૭ના પ્રશિક્ષાર્થીઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરી હતી.

**વ્યાપવિશ્વ અને નમૂનો:**

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ, પાંડેસરા ખાતે બી.એડ.નું પ્રશિક્ષણ પ્રાપ્ત કરતાં અર્થશાસ્ત્ર વિષય પદ્ધતિના પ્રશિક્ષાર્થીઓ પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપ વિશ્વ બને છે. અભ્યાસના હેતુઓને ધ્યાનમાં લેતાં અર્થશાસ્ત્ર વિષયમાં પ્રવેશ લેનાર બાવીસ (૨૨) પ્રશિક્ષાર્થીઓ અભ્યાસમાં નમૂનો બને છે. આમ, પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ એ જ નમૂનો હતો.

**ઉપકરણ:**

પ્રસ્તુત અભ્યાસમાં અર્થશાસ્ત્ર વિષય પદ્ધતિના પાઠ આયોજન સુધારણા અર્થે ડૉ.ચંદ્રકાન્ત ભોગાયતા દ્વારા રૂપાંતરિત 'ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા(RLPI)' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જયારે ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા દ્વારા પાઠ આયોજનની ગુણવત્તા પરની અસરો વિષયક અભિપ્રાયો પ્રાપ્ત કરવા 'સ્વરચિત અભીપ્રાયાવલિ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પંચ બિંદુ પર અભિપ્રાયો પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. અભિપ્રાયાવલિમાં કુલ સોળ(૧૬) વિધાનો હતા.

**માહિતી એકત્રિકરણની રીત:**

માહિતી પ્રાપ્તિની પ્રક્રિયા મુખ્યત્વે બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં પાઠ આયોજન નોંધ તૈયાર કરાવી ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાની મદદથી પુન: ચિંતન પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યું હતું. પ્રશ્નના ઉત્તર 'હા' હોય તેને સ્વીકારી ઉત્તર 'ના' હોય ત્યાં ચિંતનને આધારે સુધારા કરવા સૂચવ્યું હતું. સંશોધનિકામાં પ્રાપ્ત 'હા' અને 'ના' ના ઉત્તરોની અલગ સારણી તૈયાર કરવામાં આવી હતી.

બીજા તબક્કામાં 'ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા(RLPI)' ની પાઠ આયોજન પ્રક્રિયામાં ઉપયોગિતા સંબંધી અભિપ્રાયો પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી માસના બીજા અઠવાડિયામાં માહિતીનું એકત્રિકરણ કરવામાં આવ્યું હતું. અધ્યેતાએ જાતે માહિતી પ્રાપ્ત કરી હતી.

**માહિતી વિશ્લેષણની રીત:**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરવા માટે વર્ણનાત્મક આંકડાશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં સંશોધનિકા દ્વારા પ્રાપ્ત માહિતીની ટકાવારી શોધવામાં આવી હતી. અને સંશોધનિકા વિશેના અભિપ્રાયોની આવૃત્તિ, ટકાવારી અને કાઈ-વર્ગ શોધવામાં આવ્યા હતા.

ટકાવારી અને કાઈ-વર્ગ માટે સાદા ગણકયંત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ સારણી-૧ અને સારણી-૨માં દર્શાવેલ છે, જે પરિણામ તરફ દોરી જાય છે.

**તારણો:**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી પૃથક્કરણના અંતે નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા હતા.

- પાઠ આયોજન સંશોધનિકા વડે પાઠ આયોજનની ગુણવત્તા વધારવા ચિંતન પ્રક્રિયાની જરૂરી દિશા પ્રાપ્ત થઇ, જે પાઠ સંબંધી વિચાર પ્રક્રિયાને વેગ આપતી હતી.
- સમગ્ર પાઠ આયોજનને અધ્યેતા કેન્દ્રી બનાવવા માટે દરેક મુદ્દા પર જરૂરી ચિંતનનો નિર્દેશ પ્રાપ્ત થાય છે.

- સંશોધનિકાનું પ્રત્યેક સોપાન એવી રીતે આપવામાં આવ્યું છે જેના વડે સ્વ-પ્રયત્ને ભૂલો શોધી સુધારણા કરવાનું શક્ય બને છે.
- વર્તન પરિવર્તનને કેન્દ્રમાં રાખી કરાતું ચિંતન પ્રવૃત્તિઓ સંદર્ભે વધુ સ્પષ્ટ બનાવે છે. તેમજ અધ્યાપક પરનું અવલંબન ઘટાડે છે. જે તમામ પાસાંઓ વધુ સારા પાઠનું પ્રથમ સોપાન બને છે.
- પ્રશિક્ષણાર્થીઓ માટે હકારાત્મક ઉત્તર સ્વપ્રેરણ પૂરું પાડે છે. નબળા પ્રશિક્ષણાર્થીઓ આ સંશોધનિકાની મદદથી સ્વ-સુધારણા તરફ વળે છે.
- સમગ્રત: ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા(RLPI)ના પ્રયોગથી નવીન વિચારો અમલમાં લાવી શકાય છે.

**પાઠ આયોજન સંશોધનિકાના વિનિયોગ સબંધી અભિપ્રાયોના આધારે પ્રાપ્ત તારણો**

- સંશોધનિકાને નિર્દિષ્ટ સોપાનો સમજવા કઠિન છે.
- સંશોધનિકાને આધારે થતું પાઠ આયોજન કેટલીકવાર યંત્રવત પ્રવૃત્તિ બની જવાનો ભય રહે છે.
- ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકાના ઉપયોગ બાદ પણ પાઠની ગુણવત્તા સુધારવા પ્રાધ્યાપકની મદદ લેવી જ પડે છે.
- સંશોધનિકાનો ઉપયોગ કાળજીપૂર્વક ન કરવામાં આવે તો સમગ્ર પ્રક્રિયા માત્ર ઔપચારિક પ્રવૃત્તિ બની જાય છે.

## સંદર્ભસૂચિ


I. દેસાઈ,એચ,જી.અને દેસાઈ, કે.જી.(૧૯૯૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ: યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય.

II. પટેલ,એમ.એમ. અને અન્ય.(૨૦૦૨). અર્થશાસ્ત્ર અધ્યાપનનું પરિશીલન. અમદાવાદ: બી.એસ.શાહ પ્રકાશન,ગુજરાત રાજ્ય.

III. ઠાકર,એચ.કે. અને અન્ય.(૨૦૦૪). અર્થશાસ્ત્ર ધોરણ-૧૧ પાઠ્યપુસ્તક. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ.


સારણી-૧

ચિંતનાત્મક પાઠ આયોજન(RLPI) સંદર્ભે પ્રશિક્ષણાર્થીઓના પ્રતિભાવો

| ક્રમ | વિધાન | પ્રતિભાવ | |
|---|---|---|---|
| | | હા | ના |
| ૧. | વિદ્યાર્થીએ શું સિદ્ધ કરવાનું છે તે જણાવતું ધ્યેયનું વિધાન પ્રમાણમાં સામાન્ય અને વ્યાપક છે? | ૨૨ (૧૦૦.૦૦) | ૦૦ (૦૦) |
| ૨. | તે વિધાન શિક્ષક તરીકે તમે કેવી રીતે કાર્ય કરવાના છો? તે નહિ પણ વિદ્યાર્થી શું સિદ્ધ કરે એવું તમે ઈચ્છો છો તે દર્શાવે છે? | ૨૧ (૯૫.૪૫) | ૦૧ (૪.૫૫) |
| ૩. | દરેક શૈક્ષણિક હેતુ કોઈ એક શૈક્ષણિક ધ્યેયમાંથી સીધી રીતે અને તાર્કિક રીતે ફલિત થાય છે? | ૨૦ (૯૦.૯૧) | ૦૨ (૯.૦૯) |

| | | | |
|---|---|---|---|
| ૪. | દરેક શૈક્ષણિક હેતુ નીચે જણાવેલા ચાર ઘટકો ધરાવે છે? | ૧૮ (૮૧.૮૨) | ૦૪ (૧૮.૧૮) |
| **લક્ષિત સમૂહ** | | | |
| ૫. | આ ઘટક એ કહે છે કે કાર્ય કોણ કરશે? | ૧૭ (૭૭.૨૭) | ૦૫ (૨૨.૭૩) |
| **ચિંતનાત્મક શિક્ષણ** | | | |
| ૬. | આ ઘટક શિક્ષકના નહિ પણ વિદ્યાર્થીના દૃષ્ટિકોણથી રજૂ થયેલો છે? | ૧૭ (૭૭.૨૭) | ૦૫ (૨૨.૭૩) |
| **વર્તન** | | | |
| ૭. | વર્તન વિશિષ્ટ અને સ્પષ્ટ રીતે વ્યક્ત છે? | ૧૯ (૮૬.૩૬) | ૦૩ (૧૩.૬૪) |
| ૮. | વર્તન વિદ્યાર્થી શિક્ષણ દરમ્યાન નહિ, પણ શિક્ષણને અંતે શું કરશે તે દર્શાવે છે? | ૧૩ (૫૯.૦૯) | ૦૯ (૪૦.૯૧) |
| ૯. | તેમાં એક સક્રિય ક્રિયાપદ છે? | ૧૫ (૬૮.૧૮) | ૦૭ (૩૧.૮૨) |
| **પરિસ્થિતિ** | | | |
| ૧૦. | વર્તન માટેનો સંદર્ભ સ્પષ્ટ કર્યો છે? | ૧૮ (૮૧.૮૨) | ૦૪ (૧૮.૧૮) |
| ૧૧. | આ ઘટક કાર્ય કેવી પરિસ્થિતિઓમાં થશે તે સ્પષ્ટ કરે છે? | ૧૮ (૮૧.૮૨) | ૦૪ (૧૮.૧૮) |
| ૧૨. | આ ઘટક એ સ્પષ્ટ કરે છે કે કાર્ય કેટલું સારું/કેટલા પ્રમાણમાં થશે? | ૨૧ (૯૫.૪૫) | ૦૧ (૪.૫૫) |
| ૧૩. | તે વિશિષ્ટ રીતે માપી શકાય તેમ છે ? | ૧૭ (૭૭.૨૭) | ૦૫ (૨૨.૭૩) |
| **સામગ્રીઓ/તૈયારી** | | | |
| ૧૪. | પ્રવિધિ(કે વિષય નિરૂપણ)માં શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે જરૂરી હોય તેવી દરેક બાબતનો સમાવેશ થયો છે? | ૧૯ (૮૬.૩૬) | ૦૩ (૧૩.૬૪) |
| **ધોરણ, કક્ષા અને વિદ્યાર્થીઓના લક્ષણો** | | | |
| ૧૫. | વિદ્યાર્થીઓના બધા સુસંગત લક્ષણોને ધ્યાનમાં લીધા છે? | ૧૩ (૫૯.૦૯) | ૦૯ (૪૦.૯૧) |
| ૧૬. | તમારા પાઠના હેતુઓ આ વિદ્યાર્થીઓ માટે યોગ્ય છે? | ૨૦ (૯૦.૯૧) | ૦૨ (૯.૦૯) |

| | | | |
|---|---|---|---|
| **પ્રવિધિ (વિદ્યાર્થીઓને પ્રેરણા)** | | | |
| ૧૭. | આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓને પ્રેરિત કરે છે? | ૨૦ (૯૦.૯૧) | ૦૨ (૯.૦૯) |
| ૧૮. | તમે વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચો છો? | ૨૨ (૧૦૦.૦૦) | ૦૦ (૦૦) |
| ૧૯. | તે વિદ્યાર્થીઓને જણાવો છો કે શિક્ષણને અંતે તેઓ શું કરી શકશે? | ૧૯ (૮૬.૩૬) | ૦૩ (૧૩.૬૪) |
| ૨૦. | આ નવા વિષયાંગ સાથે સુસંગત હોય તેવું પૂર્વજ્ઞાન તમે વિદ્યાર્થીઓને યાદ કરાવો છો? | ૨૦ (૯૦.૯૧) | ૦૨ (૯.૦૯) |
| ૨૧. | હેતુઓ અનુસાર કાર્ય કરવા માટે જરૂરી હોય તેવી વિષયાંગને લગતી બધી માહિતી તમે આપો છો? | ૨૧ (૯૫.૪૫) | ૦૧ (૪.૫૫) |
| ૨૨. | તમે જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે થાય તે વિદ્યાર્થીઓ જોઈ શકે તે માટે ઉદાહરણો આપો છો? | ૨૧ (૯૫.૪૫) | ૦૧ (૪.૫૫) |
| **મહાવરો અને પ્રતિપોષણ** | | | |
| ૨૩. | તમે હેતુઓમાં સૂચિત જ્ઞાન, મનોવલણો સાથે સીધી રીતે સંબંધિત હોય તેવો મહાવરો કરવાની તક વિદ્યાર્થીઓને આપો છો? | ૧૭ (૭૭.૨૭) | ૦૫ (૨૨.૭૩) |
| ૨૪. | તમે વિદ્યાર્થીઓને પ્રતિપોષણ આપો છો? | ૨૧ (૯૫.૪૫) | ૦૧ (૪.૦૫) |
| ૨૫. | તમે અધ્યાપન આટોપી લેવા પાઠનો સારાંશ આપો છો અને વિદ્યાર્થીઓને હમણાંજ મેળવેલા કૌશલ્યો તથા જ્ઞાનનું શુદ્ધિકરણ કરવામાં મદદ કરો છો? | ૧૯ (૮૬.૩૬) | ૦૩ (૧૩.૬૪) |
| **મૂલ્યાંકન** | | | |
| ૨૬. | તમે કરેલું મૂલ્યાંકન તમારા શૈક્ષણિક હેતુઓને અનુરૂપ છે? | ૨૨ (૧૦૦.૦૦) | ૦૦ (૦૦) |
| ૨૭. | કસોટીના પ્રશ્નોના સક્રિય ક્રિયાપદો અને શૈક્ષણિક હેતુઓના સક્રિય ક્રિયાપદો સરખા છે? | ૧૨ (૫૪.૫૫) | ૧૦ (૪૫.૪૫) |
| **સમગ્ર** | | | |
| ૨૮. | તમે દરેક હેતુ અસરકારક રીતે શીખવ્યો અને મૂલવ્યો છે? | ૨૦ (૯૦.૯૧) | ૦૨ (૯.૦૯) |
| ૨૯. | પાઠ ધ્યેયોથી મૂલ્યાંકન સુધીના દરેક વિભાગમાં સુગમતાથી ચાલ્યો? | ૨૦ (૯૦.૯૧) | ૦૨ (૯.૦૯) |
| ૩૦. | પ્રવિધિના વિભાગમાં દરેક પ્રવૃત્તિનો શૈક્ષણિક હેતુ છે? | ૨૧ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| | | (૯૫.૪૫) | (૪.૫૫) |
| ૩૧. | વિદ્યાર્થીઓ માટે સામગ્રી યોગ્ય છે? | ૨૧ (૯૫.૪૫) | ૦૧ (૯.૦૯) |
| ૩૨. | તમે પ્રવિધિના વિભાગમાં બધી જરૂરી સામગ્રીઓનો સમાવેશ કર્યો છે? | ૨૦ (૯૦.૯૧) | ૦૨ (૯.૦૯) |
| ૩૩. | તમે પસંદ કરેલા માધ્યમો દરેક પ્રવૃત્તિ માટે યોગ્ય છે? | ૧૭ (૧૭.૨૭) | ૦૫ (૨૨.૭૩) |
| ૩૪. | મૂલ્યાંકનનાં પ્રશ્નો વિદ્યાર્થીઓ જે શીખ્યા હશે. એમ તમે ધારો છો તે પ્રતિબિંબિત કરે છે? | ૧૮ (૮૧.૮૨) | ૦૪ (૧૮.૧૮) |

સારણી-૨

ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા(RLPI) વિશે પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયો

| ક્રમ | વિધાન | સંપૂર્ણ સંમત | સંમત | તટસ્થ | અસંમત | સંપૂર્ણ અસંમત | કાઈ -વર્ગ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પાઠ આયોજનની ગુણવત્તા વધારવા ચિંતન પ્રક્રિયા દ્વારા જરૂરી દિશા પ્રાપ્ત થઇ. | ૧૦ (૪૫.૪૫) | ૦૮ (૩૬.૩૬) | ૦૨ (૯.૦૯) | ૦૧ (૪.૫૫) | ૦૧ (૪.૫૫) | ૧૬.૬૫ |
| ૨. | સંશોધનિકા પાઠ સંબંધી વિચાર પ્રક્રિયાને વેગ આપે છે. | ૦૮ (૩૬.૩૬) | ૦૮ (૩૬.૩૬) | ૦૨ (૯.૦૯) | ૦૨ (૯.૦૯) | ૦૨ (૯.૦૯) | ૯.૮૩ |
| ૩. | પાઠ આયોજન સંશોધનિકામાં નિર્દીષ્ટ સોપાનો સમજવા કઠિન જણાયા. | ૦૪ (૧૮.૧૮) | ૦૮ (૩૬.૩૬) | ૦૪ (૧૮.૧૮) | ૦૫ (૨૨.૭૩) | ૦૧ (૪.૫૫) | ૬.૩૮ |
| ૪. | પાઠ આયોજનને અધ્યેતા કેન્દ્રી બનાવવા દરેક મુદ્દા પર જરૂરી ચિંતનનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. | ૦૭ (૩૧.૮૨) | ૦૯ (૪૦.૯૧) | ૦૨ (૯.૦૯) | ૦૨ (૯.૦૯) | ૦૨ (૯.૦૯) | ૧૦.૨૮ |
| ૫. | સંશોધનિકાના સોપાનોમાં સ્વ- પ્રયત્ને ભૂલો શોધી સુધારણા કરવાનું શક્ય બને છે. | ૦૬ (૨૭.૨૭) | ૧૦ (૪૫.૪૫) | ૦૫ (૨૨.૭૩) | ૦૧ (૪.૫૫) | ૦૦ (૦૦) | ૧૪.૮૨ |
| ૬. | સંશોધનિકાના આધારે ચિંતન બાદ અધ્યાપક પરનું | ૦૫ (૨૨.૭૩) | ૧૦ (૪૫.૪૫) | ૦૪ (૧૮.૧૮) | ૦૧ (૪.૫૫) | ૦૨ (૯.૦૯) | ૧૨.૫૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | અવલંબન ઘટે છે. | | | | | | |
| ૭. | ાઠ આયોજન વખતે વર્તન-પરિવર્તનને કેન્દ્રમાં રાખી કરાતું ચિંતન પ્રવૃત્તિઓ સંદર્ભે વધુ સ્પષ્ટ બનાવે છે. | ૦૮ (૩૬.૩૬) | ૦૭ (૩૧.૮૨) | ૦૨ (૯.૦૯) | ૦૩ (૧૩.૬૪) | ૦૨ (૯.૦૯) | ૭.૫૬ |
| ૮. | સંશોધનિકા આધારે થતું પાઠ આયોજન કેટલીકવાર યંત્રવત બની જવાનો ભય રહે છે. | ૦૦ (૦૦) | ૧૨ (૫૪.૫૫) | ૦૨ (૯.૦૯) | ૦૭ (૩૧.૮૨) | ૦૧ (૪.૫૫) | ૪૦.૪૦ |
| ૯. | ચિંતનાત્મક પાઠ આયોજન વધુ સારા પાઠનું પ્રથમ પગથિયું બને છે. | ૧૨ ૫૪.૫૫) | ૦૩ (૧૩.૬૪) | ૦૩ (૧૩.૬૪) | ૦૨ (૯.૦૯) | ૦૨ (૯.૦૯) | ૧૬.૬૫ |
| ૧૦. | સંશોધનિકાના પ્રશ્નોના હકારાત્મક ઉત્તર સ્વપ્રેરણ પૂરું પાડે છે. | ૦૬ (૨૭.૨૭) | ૦૮ (૩૬.૩૬) | ૦૫ (૨૨.૭૩) | ૦૨ (૯.૦૯) | ૦૧ (૪.૫૫) | ૭.૫૫ |
| ૧૧. | ચિંતનાત્મક પાઠ આયોજન બાદ પણ અધ્યાપક વારંવાર નોંધ કરાવે છે. | ૦૨ (૯.૦૯) | ૦૮ (૩૬.૩૬) | ૦૫ (૨૨.૭૩) | ૦૫ (૨૨.૭૩) | ૦૨ (૯.૦૯) | ૫.૭૩ |
| ૧૨. | ચિંતનાત્મક પાઠ આયોજન પ્રાયોગિક કાર્યને સફળ બનાવશે એવું ચોક્કસ ન કહી શકાય. | ૦૧ (૪.૫૫) | ૦૫ (૨૨.૭૩) | ૦૬ (૨૭.૨૭) | ૦૯ (૪૦.૯૧) | ૦૧ (૪.૫૫) | ૧૦.૯૩ |
| ૧૩. | સંશોધનિકાના આધારે પાઠ આયોજન બાદ પણ ગુણવત્તા સુધારવા માટે પ્રાધ્યાપકની મદદ લેવી પડે છે. | ૦૧ (૪.૫૫) | ૧૦ (૪૫.૪૫) | ૦૪ (૧૮.૧૮) | ૦૪ (૧૮.૧૮) | ૦૩ (૧૩.૬૪) | ૧૦.૯૩ |
| ૧૪. | ચિંતનાત્મક પાઠ આયોજન સંશોધનિકા પ્રાયોગિક . નબળાં પ્રશિક્ષણાર્થીઓને સ્વ-સુધારણા વાળે છે. | ૦૮ (૩૬.૩૬) | ૧૦ (૪૫.૪૫) | ૦૩ (૧૩.૬૪) | ૦૧ (૪.૫૫) | ૦૦ (૦૦) | ૧૭.૫૬ |
| ૧૫. | સંશોધનિકાના પ્રયોગથી નવીન વિચારો અમલમાં લાવવા ઉપકારક જણાય છે. | ૦૭ (૩૧.૮૨) | ૧૧ ૫૦.૦૦ | ૦૧ (૪.૫૫) | ૦૧ (૪.૫૫) | ૦૨ (૯.૦૯) | ૧૮.૦૧ |
| ૧૬. | સંશોધનિકાનો ઉપયોગ કાળજીપૂર્વક ન કરતાં | ૦૨ (૯.૦૯) | ૧૧ ૫૦.૦૦ | ૦૫ (૨૨.૭૩) | ૦૨ (૯.૦૯) | ૦૨ (૯.૦૯) | ૨૦.૯૬ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | માત્ર ઔપચારિક પ્રવૃત્તિ બની જાય છે. | | | | | | |

***************************************************************************************

ડૉ.ભાવેશ આઈ.રાવલ
આચાર્ય
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ
પાંડેસરા

Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat